## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચના કતોપોર બજારમાં દુકાનદારે વર્કરને માર માર્યો, પિતાને પણ ફટકાર્યા

ભરૂચ: ભરૂચ શહેરના કતોપોર બજાર વિસ્તારમાં આવેલી નોબલ નામની કપડાની દુકાનમાં બુધવારે સાંજે 6 વાગ્યે દુકાનમાં કામ કરતા 20 વર્ષીય કર્મચારી ફેજ ઇમ્તિયાઝ શેખ (રહે.,સૈયદવાડ) સાથે દુકાન માલિકના સસરા ઇમ્તિયાઝ મલેકે મારામારી કરી હતી.તા.10મી જૂને સવારથી ફેજ દુકાને હતો. સાંજે માલિક મોઇન કાપડિયા કામ અર્થે બહાર ગયા હતા. એ વખતે માલિકના સસરા ઇમ્તિયાઝ મલેકના મોબાઇલ પર વોટ્સએપ મેસેજ આવ્યો કે મહિલા ડ્રેસના ઓર્ડર મોકલવા છે. તેમણે ફેજને ડ્રેસ કાઢી આપવા કહ્યું. ફેજે માલિકને ફોન કરી સાઈઝ પૂછી લેવાની સલાહ આપી હતી. જેથી ઇમ્તિયાઝ મલેક ગુસ્સે થઈ ગયા હતા. તેમણે ફેજને અપમાનજનક ગાળો આપી, પેટ પર લાત મારી અને ઢીકાપાટુનો માર માર્યો હતો. અન્ય કામદારોએ બચાવ કરતાં ફેજ ઘરે ગયો હતો. બાદ ફેજે પિતાને બોલાવતાં ઇમ્તિયાઝ મલેકે તેમના પિતાને પણ સેલ્ફી સ્ટીક લઈ ખભા પર બે ફટકા માર્યા હતા. તેમજ દુકાનમાંથી બહાર ન નીકળો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત પિતા-પુત્રને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

### ભરૂચમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા





ભરૂચ: ભરૂચના જૂની કોર્ટ લાલ બજાર વિસ્તારમાંથી એ ડિવિઝન પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને આંક ફરકનો જુગાર રમતા ત્રણ શખ્સને ઝડપી લીધા છે. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ૧૮,૬૨૦ રોકડા અને 30,000ની કિંમતના 3 મોબાઈલ ફોન મળી કુલ ૪૮,૬૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા આરોપીઓમાં નારસીંગ સીકલીંગર, સુંદરસીંગ સરદારજી અને અબ્દુલ મજીદ ઉર્ફે લાલો શેખનો સમાવેશ થાય છે.

### છ મહિનાથી વોન્ટેડ પોક્સોનો આરોપી ગાંધીધામ નજીકથી ઝડપાયો



ભરૂચ: નબીપુર પોલીસ સ્ટેશનમાં અપહરણ, મારામારી અને પોક્સો કાયદા હેઠળ નોંધાયેલા ગુનામાં છ મહિનાથી ફરાર ચાલી રહેલા આરોપીને ભરૂચ LCBએ કચ્છના ગાંધીધામ નજીક આવેલા ગળપાદર ગામથી ઝડપી પાડ્યો હતો. ભરૂચ LCBના PI એમ.પી.વાળાની આગેવાની હેઠળની ટીમને બાતમી મળી હતી કે, નબીપુર પોલીસ સ્ટેશનના પોક્સો ગુનાનો ફરાર આરોપી વિક્રમ ગરવાલ (ઉં.વ.૨૮) (રહે.,સાયણ પશ્ચિમ, થાના-પેટલાદ, જિ.જાંબુઆ, મધ્યપ્રદેશ)એ હાલ કચ્છમાં ગાંધીધામ નજીક ગળપાદર ગામે મજૂરી કરે છે. આ બાતમીના આધારે પોલીસ સબ ઇન્સ્પેક્ટર વી.પી.મલ્હોત્રા અને તેમની ટીમે તાત્કાલિક કચ્છ જઈને વોન્ટેડ આરોપીને ગળપાદર ગામથી ધરપકડ કરી લીધી હતી. આરોપીને નબીપુર પોલીસ સ્ટેશનમાં સોંપી દેવાયો છે.

### પલસાણામાં ભાડે આપેલા બેંક ખાતામાંથી લાખોની છેતરપિંડી, બે સામે ગુનો નોંધાયો

પલસાણા: દસ્તાન ગામના ઉમા વિહાર બંગ્લોઝમાં રહેતા યોગેશ શિવાજી પાટીલે પોતાનું એક્સિસ બેંકનું ખાતું માસિક ૮,૦૦૦ના ભાડા પેટે તેના મિત્ર સૌરભ દુબેને વાપરવા આપ્યું હતું. જ્યારે કેન્દ્રીય સાયબર ક્રાઇમ પોર્ટલ (સમન્વય) પર તપાસ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે આ એક જ ખાતાનો ઉપયોગ કરીને ઉત્તર પ્રદેશ, તેલંગાણા, આંધ્ર પ્રદેશ અને કર્ણાટક જેવાં રાજ્યોમાં નિર્દોષ લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. વિવિધ રાજ્યોની પોલીસ મથકે નોંધાયેલી ૧૯૩૦ હેલ્પલાઇનની ફરિયાદો અનુસાર આ ખાતામાં અંદાજે ૧,૪૮,૫૧૧ જેટલી રકમ ગેરકાયદે ટ્રાન્ઝેક્શન દ્વારા જમા કરાવીને સગેવગે કરવામાં આવી છે. હાલ પલસાણા પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી મુખ્ય સૂત્રધાર સૌરભ દુબેને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે અને વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર ભગવાન દેવદાન જીલેરિયા ચલાવી રહ્યા છે.

### ભરૂચમાં 7 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

ભરૂચ: ભરૂચના SOG ટીમે નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ સજા પામેલ અને છેલ્લાં 7 વર્ષથી ફરાર ચાલતા આરોપીને ઝડપી લીધો હતો. SOGના PI એ.વી.પાણમીયાની આગેવાની હેઠળની SOG ટીમ ભરૂચ શહેરના નવા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે બાતમીના આધારે આરોપી રાજુભાઈ જશુભાઈ વસાવા (રહે.,મોગલપુરા, રાણા સ્ટ્રીટ, ધોળીકુઈ, તા.જિ. ભરૂચ)ને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. આરોપી કોર્ટ દ્વારા 2 મહિનાની સાદી કેદની સજા ભોગવતો હોવા છતાં ફરાર હતો. પોલીસે તેને ઝડપી લઈ ભરૂચ એ ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.

### અંકલેશ્વરની આદર્શ માર્કેટમાંથી શંકાસ્પદ પ્લાસ્ટિક વેસ્ટ સાથે બે ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના ભડકોદ્રા ગામ પાસે આવેલી આદર્શ માર્કેટમાંથી ભરૂચ એલસીબી પોલીસે શંકાસ્પદ પ્લાસ્ટિક વેસ્ટ ભરેલા આયશર ટેમ્પો સાથે બે ઇસમની અટકાયત કરી છે. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને ટેમ્પો અને પ્લાસ્ટિક વેસ્ટ સહિત કુલ રૂ.5.10 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સ્થળ પરથી ઝડપાયેલા સોહેલ જમાલ ખાન અને અબ્દુલ નશીયુલ્લા ખાન માલ અંગે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. આથી પોલીસે બંનેની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે. આ પ્લાસ્ટિક વેસ્ટ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેનો નિકાલ ક્યાં થવાનો હતો તે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### ડિજિટલ ફ્રોડ: બારડોલીથી પાંચની ધરપકડ

બારડોલી: દેશભરમાં વધી રહેલા સાયબર ક્રાઈમના ગુનાઓ વચ્ચે દિલ્હી પોલીસની ટીમે ગુજરાતના બારડોલીમાંથી એક મોટી કાર્યવાહી કરીને ડિજિટલ ફ્રોડ મામલે પાંચ શખ્સની ધરપકડ કરી છે. આ પાંચેય આરોપીમાં ત્રણ બારડોલીના, એક સોનગઢનો અને એક નવાપુરનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. આ પાંચેય શખ્સો અગાઉ કર્ણાટક ખાતે નોકરી અર્થે ગયા હતા. ત્યાં એક કંપનીએ નોકરીના બહાને આ યુવકોનાં નામે બેંક ખાતાં ખોલાવ્યાં હતાં. ત્યારબાદ આ બેંક એકાઉન્ટ્સનો ઉપયોગ સાયબર ફ્રોડના પૈસા ટ્રાન્સફર કરવા માટે કરવામાં આવતો હતો. પ્રાથમિક તપાસમાં આ ખાતાં દ્વારા કરોડો રૂપિયાના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયા હોવાનો પર્દાફાશ થયો છે. ડિજિટલ છેતરપિંડીનાં આ નાણાં સીધા આ યુવકોના ખાતામાં જમા થતા હતા, જેની કડીઓ છેક દિલ્હી સુધી જોડાતા દિલ્હી પોલીસ એક્શનમાં આવી હતી. દિલ્હી સાયબર સેલની ટીમે ટેક્નિકલ સર્વેલન્સના આધારે બારડોલી આવી સ્થાનિક પોલીસની મદદથી પાંચેય આરોપીને ઝડપી લીધા હતા. ધરપકડ બાદ તમામ આરોપીઓને બારડોલી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને દિલ્હી પોલીસ તેમને ટ્રાન્ઝિટ રિમાન્ડ હેઠળ પોતાની સાથે દિલ્હી લઈ ગઈ છે. આ કૌભાંડમાં અન્ય કેટલા લોકો સામેલ છે તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

### સાગબારામાં સ્વર્ગસ્થ શિક્ષકના પરિવારને અંત્યેષ્ટિ સહાય અર્પણ

ભરૂચ: સાગબારા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સ્વર્ગસ્થ શિક્ષક શંકરભાઈ વસાવા (દત્તવાડા પ્રાથમિક શાળા)નાં સ્વજનોને તાલુકાના તમામ શિક્ષકો વતી રૂ.5,000ની રોકડ અંત્યેષ્ટિ સહાય અર્પણ કરવામાં આવી છે. આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી રામદાસભાઈ વસાવાની ઉપસ્થિતિમાં સતીશભાઈ વસાવા, બી.આર.સી. લાલસિંહભાઈ વસાવા અને નાનસિંગભાઈ વસાવાના હસ્તે સહાય રકમ સ્વજનોને સોંપવામાં આવી હતી.

# 65 લાખની વ્હેલની ઊલટી સાથે 3 ઝડપાયા







સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

**આણંદના** આ 3 આરોપી ભાવનગરથી વ્હેલની ઊલટી લઈ અંકલેશ્વર આવ્યા હતા, કાર અને બાઇક પણ જપ્ત કરાઈ

અંકલેશ્વર: અંકલેશ્વર વન વિભાગે વન્યજીવ તસ્કરી સામે મોટી કાર્યવાહી કરી છે. NH-48 પર નર્મદા ગેટ નજીકથી આશરે 65 લાખની કિંમતનું વ્હેલ માછલીની ઊલટી (એમ્બરગ્રીસ) જપ્ત કરવામાં આવી છે. આ મામલે ત્રણની ધરપકડ કરવામાં આવી છે.

મુંબઈ વાઈલ્ડ લાઈફ ટીમે વેપારી બની ગુપ્ત ઓપરેશન હાથ ધર્યું હતું. મળેલી બાતમીના આધારે વન વિભાગે આરોપીઓ પર નજર રાખી હતી અને યોગ્ય સમયે કાર્યવાહી કરીને તેમને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં આણંદના સિંધા મહેન્દ્ર રમેશભાઈ, અંકલેશ્વરના પટેલ હર્ષ ચંદ્રકાંત અને મુખ્ય આરોપી ચૌહાણ કમલ નટવરલાલનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસ મુજબ આ પ્રતિબંધિત પદાર્થ ભાવનગરથી લાવવામાં આવ્યો હતો. તેનો સોદો થાય તે પહેલાં જ વન વિભાગે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. કાર્યવાહી દરમિયાન વન વિભાગે એમ્બરગ્રીસ ઉપરાંત એક કાર અને એક બાઇક પણ જપ્ત કરી છે. કુલ મળી 66.70 લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે.

એમ્બરગ્રીસ જેને સામાન્ય ભાષામાં વ્હેલ માછલીની ઊલટી તરીકે ઓળખવામાં આવે છે, તે આંતરરાષ્ટ્રીય બજારમાં અત્યંત કીમતી માનવામાં આવે છે. ભારતમાં તેનો વેપાર વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ પ્રતિબંધિત છે અને તેની હેરાફેરી ગંભીર ગુનો ગણાય છે. અગાઉ પણ ગુજરાતમાં કરોડો રૂપિયાના એમ્બરગ્રીસના જથ્થા ઝડપાયાના અનેક કિસ્સા સામે આવી ચૂક્યા છે.

#### વ્હેલ માછલીની ઊલટી શું છે?

એમ્બરગ્રીસ (એમ્બરગ્રીસ) સામાન્ય રીતે સ્પર્મ વ્હેલના પાચનતંત્રમાં બનતો મીણ જેવો પદાર્થ છે. તેને ઘણીવાર વ્હેલની ઊલટી તરીકે ઓળખવામાં આવે છે. જો કે, વૈજ્ઞાનિક રીતે તે વ્હેલના આંતરડામાં બનતો પદાર્થ હોવાનું માનવામાં આવે છે. સમય જતાં તે દરિયામાં તરતો રહે છે અને સૂર્યપ્રકાશ તથા ખારા પાણીના સંપર્કથી પરિપક્વ બને છે. એમ્બરગ્રીસ અત્યંત દુર્લભ હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત ખૂબ ઊંચી હોય છે. તેનો ઉપયોગ સૌથી વધુ ઉપયોગ અત્તર અને પરફ્યુમ ઉદ્યોગમાં થાય છે. તેમાં રહેલા સુગંધિત ઘટકો પરફ્યુમની સુગંધને લાંબા સમય સુધી ટકાવી રાખવામાં મદદરૂપ બને છે. તેને ફિક્સેટિવ તરીકે ઓળખવામાં આવે છે. ઉપરાંત પરંપરાગત ઔષધિઓ બનાવવામાં થાય છે.

# સારંગપુરનાં સરપંચ અને ડેપ્યુટી સરપંચનું રાજીનામું

**કામોમાં** ગોબાચારીની ફરિયાદ સાથે ટીડીઓને લેખિત રજૂઆત



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર ગામના સરપંચ નીરુબેન પટેલ અને ડેપ્યુટી સરપંચ રતિલાલ પટેલે અચાનક રાજીનામું આપતાં વિવાદ વકર્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આ માત્ર આશરે 2 કરોડના ભ્રષ્ટાચારમાંથી બચવાનો કારસો છે. કહે છે કે, સરપંચે હોદ્દાનો દુરુપયોગ કરી સરકારી ગ્રાન્ટના નાણાં પોતાની જ એજન્સી 'બજરંગ એન્ટરપ્રાઇઝ'માં 63 શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન દ્વારા ટ્રાન્સફર કર્યા છે અને 85 લાખ રોકડા ઉપાડ્યા છે. આ ઉપરાંત રજનીશ તિવારી અને ઝહીર મલેક જેવા સાગરીતોના ખાતામાં પણ નાણાં મોકલાયાં હોવાના બેંક સ્ટેટમેન્ટ સાથેના પુરાવા ગ્રામજનો પાસે છે. અગાઉ પોલીસ તપાસ વખતે પંચાયત કચેરીમાં રહસ્યમય આગ પણ લાગી હતી. ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી બંને વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી કરવા માંગ કરી છે.

# ભરૂચની જામા મસ્જિદને લઈ સોશિયલ મીડિયા પર વિવાદ

**મૂર્તિઓ** મળવાના વિડીયો વાયરલ, ટ્રસ્ટીઓએ કલેક્ટરને કાર્યવાહી માટે રજૂઆત કરી



ભરૂચ: ભરૂચની ઐતિહાસિક જામા મસ્જિદના ભોંયરામાંથી જૈન તીર્થંકર મલ્લિનાથ સહિત હિન્દુ દેવી-દેવતાઓની પ્રાચીન મૂર્તિઓ મળી આવ્યાના દાવા અને તેના સાથેના વિડીયો-ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વિવાદ સર્જાયો છે. આ મામલે ગુરુવારે જામા મસ્જિદ ટ્રસ્ટીઓ અને મુસ્લિમ સમાજના આગેવાનોએ કલેક્ટરને રજૂઆત કરીને વાયરલ સામગ્રી ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરવા માંગ કરી છે.

મુસ્લિમ સમાજના આગેવાનોનું કહેવું છે કે, સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલા ફોટા અને વિડીયોની સત્યતા અંગે સરકારી તંત્ર અને પુરાતત્ત્વ વિભાગે તપાસ કરવી જોઈએ. કોઈ સત્તાવાર તપાસ વિના ભ્રામક માહિતી ફેલાવવી અને ધાર્મિક ભાવનાઓને ઉશ્કેરવાનો પ્રયાસ ગંભીર બાબત છે. ટ્રસ્ટીઓએ સ્પષ્ટ કર્યું કે આ સ્થળ હંમેશાં જામા મસ્જિદ તરીકે જ અસ્તિત્વમાં રહેશે અને તેની કાનૂની-ધાર્મિક સ્થિતિ અંગે કોઈ શંકા નથી. સાથે જ કેટલાંક તત્ત્વો સોશિયલ મીડિયા દ્વારા અફવાઓ ફેલાવી સમાજમાં અશાંતિ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો આરોપ પણ ટ્રસ્ટીઓએ લગાવ્યો છે.

રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે, વાયરલ ફોટા અને વિડીયોની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ અને ખોટી માહિતી ફેલાવી કોમી સૌહાર્દને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

હાલમાં મૂર્તિઓની વાસ્તવિકતા, ઈતિહાસ અને તેનું સ્થળ સાથેનું જોડાણ તપાસ હેઠળ છે. જિલ્લા વહીવટી તંત્ર, પુરાતત્ત્વ વિભાગ અને કાયદો-વ્યવસ્થાની એજન્સીઓનાં પગલાં સૌની નજરમાં છે. વિવિધ સમાજોના આગેવાનોએ શાંતિ અને સૌહાર્દ જાળવવાની અપીલ કરી છે, જેથી કોઈપણ અફવાને કારણે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન બગડે.

### અંકલેશ્વરમાં શાકમાર્કેટ મુદ્દે પાલિકાની હેરાનગતિ

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરના ત્રણ રસ્તા શાકમાર્કેટ પાસે શાકભાજી વેચીને પોતાનું ગુજરાન ચલાવતી મહિલાઓએ નગરપાલિકા તંત્ર સામે ગંભીર આક્ષેપ કર્યા છે. મહિલાઓનું કહેવું છે કે, પાલિકા દ્વારા તેમને વારંવાર સ્થળ પરથી હટાવવા અને ધંધો બંધ કરાવવા દબાણ કરવામાં આવે છે, જેના કારણે તેમની રોજીરોટી પર સીધી અસર પડી રહી છે. આ મામલે મહિલાઓએ મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે, તેઓ વર્ષોથી શાકભાજી વેચી પોતાના પરિવારનું પોષણ કરે છે. વધતી વસ્તી અને વાહનવ્યવહારને કારણે હાલનું શાકમાર્કેટ અપૂરતું અને બિનઆયોજિત બની ગયું છે. મુખ્ય માર્ગને અડીને આવેલું હોવાથી ત્યાં ટ્રાફિકની સમસ્યા પણ સર્જાય છે. મહિલાઓએ માંગ કરી છે કે, તેમને નવી જગ્યાએ પ્રાથમિકતાના ધોરણે બેસવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે અને તેમના રોજગારની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે.

### પાલેજ નજીક ટ્રેલરમાં અચાનક આગ લાગી

ભરૂચ: પાલેજમાં એક ટ્રેલરમાં એકાએક આગ ભભૂકી ઊઠી હતી. પાલેજ નજીક દિલ્હી એક્સપ્રેસ હાઈવે પર બુધવારે વહેલી સવારે એક 18 વ્હીલર ટ્રેલરમાં અચાનક આગ લાગતાં દોડધામનો માહોલ સર્જાયો હતો. સમજદારી બતાવતાં ડ્રાઈવરે તાત્કાલિક વાહનને સલામત સ્થળે ઊભું રાખી ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી ફાયર કંટ્રોલ રૂમે તરત જ બે ફાયર ટેન્ડર, એક ફોમ ટેન્ડર અને બે વોટર બાઉઝર સ્થળ પર મોકલ્યાં હતાં. આગ પર કાબૂ મેળવવા માટે લગભગ 30 કિલોલીટર પાણી અને 150 લિટર ફોમ કોન્સન્ટ્રેટ (6 બેરલ) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફાયર કર્મીઓની ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં સફળતા મળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જો કે, ટ્રેલરના કેટલાક ભાગો અને તેમાં ભરેલી ટાઈલ્સને નુકસાન પહોંચ્યું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી.

# બોરભાઠામાં નર્મદા નદી કિનારે ભગવાનની મૂર્તિ-ફોટા રેઢા મુકાયા

**ભક્તોની** ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચી, જવાબદારો સામે કાર્યવાહીની માંગ



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના બોરભાઠા ગામ નજીક નર્મદા કિનારે નગરજનો અને ગ્રામજનો દ્વારા ભગવાનના ફોટા, ખંડિત મૂર્તિઓ અને લાકડાં તેમજ આરસપહાણનાં મંદિરો રેઢા ત્યજી દેવાતાં સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

શ્રદ્ધાળુઓ પવિત્ર મૂર્તિઓ અને મંદિરોને નદીમાં વિસર્જિત કરવાને બદલે કિનારા પર જ રસ્તા પર કે જાહેર જગ્યાઓ પર રઝળતા મૂકીને ચાલ્યા જાય છે.

કિનારે ખડકાયેલો પૂજા સામગ્રીનો ઢગલો એ સામાજિક સંસ્થાઓ, સમાજસેવકો અને રાજકીય નેતાઓ માટે એક લપડાક સમાન છે. માત્ર એક દિવસ પૂરતું નર્મદા કિનારે સફાઈ અભિયાન ચલાવી, કેમેરા સામે પોઝ આપી, ફોટા પડાવીને સોશિયલ મીડિયા પર વાહ વાહ લૂંટતી સંસ્થાઓ હવે આ ગંભીર મુદ્દે નજરઅંદાજ કરી રહી હોવાનો ડોળ ખુલ્લો પડ્યો છે. આ સમગ્ર મામલે સ્થાનિક વહીવટી તંત્ર અને બોરભાઠા ગ્રામ પંચાયતની ઘોર ઉદાસીન નીતિ સામે આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચ જિલ્લામાં 'પ્રગતિ પથ યાત્રા' યોજાઇ



ભરૂચ: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વનાં 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા '12 વર્ષ - વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' થિમ હેઠળ 'પ્રગતિ પથ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રાના બીજા દિવસે અંકલેશ્વર તાલુકા પંચાયત પ્રમુખ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં જિલ્લાના વિવિધ વિકાસ પ્રકલ્પોની મુલાકાત લઈને પ્રજા સમક્ષ વિકાસનું વાસ્તવિક ચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું. યાત્રાનો શુભારંભ કલેક્ટર કચેરી સ્થિત આધુનિક જનસેવા કેન્દ્રથી થયો, જ્યાં મામલતદાર દ્વારા ડિજિટલ માધ્યમથી સુશાસન અને ડિજિટલ ગવર્નન્સના નવા આયામો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### Dy.S.P. બી.કે.વનારે વાંકલ લાઈબ્રેરીની મુલાકાત લીધી



વિનોદ મૈસુરીયા

વાંકલ: વાંકલ ખાતે આવેલ સરદાર ભવન શોપિંગ સેન્ટરની લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે Dy.S.P. બી.કે. વનારે ખાસ મુલાકાત લીધી હતી. આ પ્રેરણાદાયી મુલાકાત દરમિયાન તેમણે તમામ વિદ્યાર્થીઓને આગામી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા માટે જરૂરી અને મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. Dy.S.P. વનારે સૌને ચોકલેટ અને બોલપેન આપીને પરીક્ષા માટે આગોતરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે માંગરોળના પી.આઈ. પી.એમ.દેસાઈ, વાંકલ સરપંચના પ્રતિનિધિ ઠાકોર ચૌધરી, તાલુકા પંચાયત સદસ્ય ઉજાસ ચૌધરી, ડો.યુવરાજસિંહ સોનારીયા તેમજ વાંકલ આઉટ પોસ્ટના જમાદાર આનંદ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### અંબિકામાં ભારતમાતા પુલ પર સળિયા દેખાવા માંડ્યા



મેહુલ પટેલ

અનાવલ: અંબિકા તાલુકામાં તાજેતરમાં નિર્માણ પામેલા બે મહત્ત્વના પુલોની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. અંબિકા નદી પર બનેલા ભારતમાતા પુલ તેમજ કોસખાડી નદી પર ગોળીથડ ખાતે નિર્માણ કરાયેલા નવા પુલના કેટલાક ભાગોમાં કોંક્રિટમાંથી લોખંડના સળિયા બહાર દેખાવા લાગ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. સ્થાનિકોનું કહેવું છે કે પુલોને હજુ ઘણો સમય પણ થયો નથી, છતાં અનેક સ્થળોએ કોંક્રિટનું આવરણ નબળું પડતાં સળિયા સ્પષ્ટ નજરે પડી રહ્યા છે. જાહેર ઉપયોગ માટે તૈયાર કરાયેલા આવા મહત્ત્વના માળખામાં શરૂઆતના તબક્કે જ આ પ્રકારની સ્થિતિ સર્જાતા બાંધકામની ગુણવત્તા અંગે સવાલો ઊભા થયા છે. ગ્રામજનો અને વાહનચાલકોમાં પણ ચિંતા જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે કરોડો રૂપિયાના ખર્ચે બનેલાં વિકાસ કાર્યોમાં જો શરૂઆતથી જ ખામીઓ સામે આવતી હોય તો જવાબદાર એજન્સીઓ સામે તપાસ થવી જોઈએ.

### નાની નરોલીમાં ગૌવંશ ક્રૂરતાના ગુનાના બે વોન્ટેડ આરોપીઓ ઝડપાયા



વિનોદ મૈસુરીયા

વાંકલ: સુરતના માંગરોળ પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એમ.દેસાઇના માર્ગદર્શન હેઠળ પોલીસે નાની નરોલી ગામે તબેલા પર દરોડો પાડી ગૌવંશ અને પ્રાણી ક્રૂરતાના ગુનામાં નાસતા-ફરતા બે વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યા છે. પોલીસ કર્મચારીઓને મળેલી ગુપ્ત બાતમીના આધારે આ સફળ ઓપરેશન હાથ ધરાયું હતું. પકડાયેલા આરોપીઓમાં નિઝામભાઇ રફીક ભુલાત (રહે.,નાની નરોલી) અને જયંતીભાઇ મંજીભાઇ પટેલ ઉર્ફે મહમદ (મૂળ રહે.,કચ્છ)નો સમાવેશ થાય છે. પોલીસે બંને આરોપી સામે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ અને BNSSની વિવિધ કલમો હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આંજોલીમાં ખેતર ખેડવા બાબતે તા.પં. સભ્ય પર હુમલો

**ટ્રેક્ટરથી** ખેડાણ કરતી વખતે ભાભીએ સરહદ વિવાદ છંછેડ્યો

**લાકડી** અને પથ્થરમારામાં બે જણા લોહીલુહાણ, સોનાની ચેઇનની લૂંટ

**એક** મહિલા સહિત ચાર આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

નેત્રંગ: નેત્રંગના આંજોલી ગામે ખેતર ખેડવાની ક્ષુલ્લક બાબતમાં એક જ પરિવારના બે જૂથ સામસામે આવી જતાં ભારે હોબાળો મચી ગયો હતો. આ હિંસક મારામારીમાં નેત્રંગ તાલુકા પંચાયતના સભ્ય સહિત બે લોકોને ઈજા પહોંચી હતી. જેને કારણે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. આ બનાવમાં એક મહિલા સહિત કુલ ચાર વ્યક્તિ વિરુદ્ધ નેત્રંગ પોલીસ દ્વારા ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ નેત્રંગ તાલુકાના આંજોલી ગામે રહેતા અને તાલુકા પંચાયત સભ્ય દિનેશભાઈ શંકરભાઈ વસાવા ગતરોજ સાંજે તેમના ભત્રીજા ગૌરવ સાથે ટ્રેક્ટર લઈને ઘર પાછળના ખેતરમાં ખેડાણ કરી રહ્યા હતા.

દરમિયાન તેમનાં ભાભી સીતાબેન વસાવા ત્યાં આવી પહોંચ્યાં હતાં અને 'તમે અમારી હદમાં ખેડાણ કરશો નહીં' તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. દિનેશભાઈએ પોતાના ભાગની જમીન હોવાનું કહેતાં જ મામલો બિચક્યો હતો. ઝઘડો ઉગ્ર બનતાં સીતાબેનનો પુત્ર ધ્રુવ ત્યાં દોડી આવ્યો હતો અને તેણે દિનેશભાઈ પર પથ્થરનો છૂટો ઘા મારતાં તેઓ લોહીલુહાણ થયા હતા.

આ દરમિયાન દિનેશભાઈના મોટાભાઈ વસંતભાઈ અને ફોઈનો છોકરો ચરણભાઈ પણ હાથમાં લાકડીઓ લઈને ધસી આવ્યા હતા. વસંતભાઈએ લાકડી વડે હુમલો કરતાં ભત્રીજા ગૌરવને કપાળના ભાગે અને દિનેશભાઈને પણ ઈજાઓ થઈ હતી.

આ ઝપાઝપી દરમિયાન દિનેશભાઈએ ગળામાં પહેરેલી સોનાની ચેઈન તૂટી ગઈ હતી, જેનો એક ટુકડો ગેરવલ્લે થયો હતો. બૂમાબૂમ થતાં ફળિયાના લોકો એકઠા થઈ ગયા હતા, જેથી હુમલાખોરો જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

આ ઘટના સંદર્ભે ઈજાગ્રસ્ત દિનેશભાઈ વસાવાએ સીતાબેન વસાવા, ધ્રુવ વસાવા, વસંત વસાવા અને ચરણ વસાવા વિરુદ્ધ નેત્રંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Haunted
10:00am, 04:00pm, 10:00pm
Bharat bhahagya Viddhaata
01:00pm, 07:00pm
The Silent Saviour Governor -
12:00pm, 06:00pm
Badhu Alright Che-Gujarati
02:30pm, 05:30pm
Peddi - 11:00am, 09:30pm
Hai Jawani Toh Ishq Hona Hai
03:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333